# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-12-2025 Day: Sunday Morning : 07.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકીલ** વાંચે છે.

---

## ખાસ મતદાર યાદી-કચ્છ SIR:

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હેઠળ કચ્છ જિલ્લામાં ડ્રાફ્ટ યાદી જાહેર કરવામાં આવી છે.

વર્ષ 2025ની યાદી મુજબ જિલ્લાના 6 વિધાનસભા મતવિસ્તારમાં કુલ 16 લાખ 90 હજાર 584 મતદારો નોંધાયેલા હતા. જયારે, નવી પ્રસિદ્ધ થયેલી નવી મુસદ્દા યાદી મુજબ હવે કચ્છમાં કુલ 14,76,409 મતદારો નોંધાયેલા છે.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ માન્ય રાજકીય પક્ષો સાથે બેઠક યોજી તેમને ફોટોવાળી મતદારયાદીની નકલ સુપ્રત કરવામાં આવી છે.

જે મતદારોના નામ દૂર થયા છે, તેઓ જો ફરી નામ નોંધાવવા માંગતા હોય તો ફોર્મ-6 ભરી શકે છે. ચકાસણી બાદ તેમનો સમાવેશ આખરી યાદીમાં કરાશે. હક્ક-દાવા અને વાંધા અરજીઓ આગામી તારીખ ૧૮ જાન્યુઆરી સુધી રજૂ કરી શકાશે. જેનો નિકાલ 10 ફેબ્રુઆરી સુધીમાં કરી, ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

જિલ્લા વહીવટી તંત્રએ તમામ નાગરિકોને આ પ્રક્રિયામાં સહયોગ આપી ભૂલરહિત યાદી બનાવવામાં મદદરૂપ થવા અપીલ કરી છે. જો કોઈ પણ મતદાર જરૂરી દસ્તાવેજો રજુ નહી કરી શકે તો તેમના નામ આખરી યાદીમાંથી દુર કરવામાં આવશે તેમ જિલ્લા ચુંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આનંદ પટેલે જણાવ્યું હતું.

---

## માંડવી-બીચ ફેસ્ટીવલ:

કચ્છના માંડવીના રમણીય દરિયાકાંઠે આજથી 11 દિવસ માટે બીચ ફેસ્ટીવલનો આરંભ થઈ રહ્યો છે. આજે સાંજે 6 કલાકે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને પ્રવાસનમંત્રી હર્ષ સંઘવી આ બીચ ફેસ્ટીવલને જાહેર જનતા માટે ખુલ્લો મુકશે.

માંડવીની સાંસ્કૃતિક ઓળખ અને પ્રવાસી અનુભવને વધુ મજબુત કરવાના ઉદેશ્ય સાથે કરાયેલ આ આયોજનની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. આ બીચ ફેસ્ટીવલ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ તથા લેસર લાઈટ શો,રેત શિલ્પ સહિતના મુખ્ય આકર્ષણ રહેશે. જેને લઈને લોકોમાં ઉસ્તાહનો સંચાર જોવા મળી રહ્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## વર્ગ-3 ભરતી પરીક્ષા પધ્ધતિ ફેરફાર:

ગુજરાત સરકાર દ્વારા વર્ગ-3ની ભરતી પરીક્ષાની પદ્ધતિમાં લાંબા સમય બાદ મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા જાહેર કરાયેલા નિર્ણય મુજબ નવી પદ્ધતિ અનુસાર પ્રશ્નપત્રને હવે માત્ર બે ભાગમાં જ રાખવામાં આવ્યું છે. અગાઉ ભાગ B માટે નક્કી કરાયેલા 150 માર્ક ઘટાડીને હવે 120 માર્ક કરવામાં આવ્યા છે. જ્યારે ભાગ-Aના 60 માર્ક વધારીને 90 માર્ક કરવામાં આવ્યા છે.

ઉમેદવારોને 3 કલાક એટલે કે 180મિનિટનો સમય મળશે. ઉલ્લેખનીય છે કે નવી વ્યવસ્થા આગામી તમામ વર્ગ-3ની ભરતી પરીક્ષાઓમાં અમલમાં આવશે, જેના કારણે ભરતી પ્રક્રિયામાં વધુ પારદર્શિતા અને ગુણવત્તા આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------------------------

## સ્કુલ ગ્રાન્ટ:

સરકાર તરફથી અનુદાન મેળવતી શાળાઓમાં હવે વિદ્યાર્થીઓની હાજરી પ્રમાણે અનુદાન અપાશે. લઘુમતી શાળા સહિત ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ અંગેના રાજ્ય સરકારના આ મહત્વના નિર્ણય અનુસાર વિદ્યાર્થીઓની હાજરી ઓછી હશે તો અનુદાનમાં કપાત કરાશે.

શિક્ષણ વિભાગે ગ્રામ્ય વિસ્તારો માટે 55 ટકા તો શહેરી વિસ્તારો માટે 80 ટકા હાજરી ફરજિયાત કરી છે. શહેરી વિસ્તારમાં 80 ટકા કરતા ઓછી હાજરી પ્રમાણે 25 ટકા અને 50 ટકા કરતા ઓછી હાજરીમાં 50 ટકા ગ્રાન્ટ કપાશે. હાજરી 60 ટકા કરતા ઓછી હશે તો સો ટકા ગ્રાન્ટ કપાશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં 40 ટકા કરતા ઓછી હાજરીમાં સો ટકા અનુદાન કપાશે.

---

## વિશ્વ ધ્યાન દિવસ:

ધ્યાનની વૈશ્વિક મહતાને સ્વીકારી આજે વિશ્વ ધ્યાન દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. ખગોળીય દષ્ટિએ આજે સુર્ય દક્ષિણાયનના અંત તરફ હોય છે. આજે દિવસ સૌથી ટુંકો અને રાત્રી સૌથી  લાંબી હોય છે. સમગ્ર વિશ્વ સાથે કચ્છમાં પણ વિવિધ સ્થળોએ  આંતરિક શાંતિ, માનસિક સ્વસ્થતા અને સકારાત્મક જીવન શૈલીનો સંદેશ આપવામાં માટે ધ્યાન સત્રનું આયોજન કરવામાં આવ્યુ છે.

---

## ઘોરાડ અભ્યારણની હદ વધી:

અતિ વિલુપ્તપ્રાય ઘોરાડ પક્ષીના અભયારણ્યનો વિસ્તાર કચ્છમાં અબડાસા તાલુકામાં હોવાથી મોટા કદના પંખીનાં જતનના મુદ્દે ચાર વર્ષે સુપ્રિમ કોર્ટ દ્વારા મહત્ત્વનો મિશ્ર ચુકાદો આપવામાં આવ્યો છે, તેમાં જરૂરી બંને પાસાં ધ્યાને રાખવામાં આવ્યાં છે, જે મુજબ ખેડૂતોને રાહત છે, તો ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડને નુકસાન ન થાય એ હેતુથી વીજલાઇનો માટે કોરિડોર બનાવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઘોરાડ સંવર્ધન માટે અત્યાર સુધી 500 ચોરસ કિ.મી.નો વિસ્તાર રક્ષિત હતો, તેમાં 240 ચોરસ કિ.મી.નો વધારો કરાતાં હવે 740 ચો. કિ.મી.નું ઘોરાડ સંવર્ધન અભયારણ્ય હશે. તથા ખેડૂતોને ખેતીવાડીનાં વીજજોડાણો આપવાની છૂટ આપવામાં આવી છે.જેથી ખેડુતોએ રાહતની લાગણી અનુભવી છે.

---------------------------------------------------------------------------------------------

## અભિવ્યક્તિ-2025:

છેલ્લા ૨૫ વર્ષોથી કલાક્ષેત્રે કાર્યરત ભારતીય શાસ્ત્રીય નૃત્ય કથ્થકને વરેલી નૃત્ય સંસ્થાનો રજતજયંતી મહોત્સવ આજે અભિવ્યક્તિ 2025 ઉજવાશે. જેમાં આંતરાષ્ટ્રીય ખ્યાતી પામેલ કથક ગુરૂ શ્રી પંડિત રાજેન્દ્ર ગંગાનીજી દિલ્હીથી વિશેષ ઉપસ્થિત રહેશે.

આજે સવારે કથક નૃત્યના વર્કશોપનું આયોજન તો સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.જેમાં અધ્યક્ષસ્થાને મહારાણીશ્રી કચ્છ પ્રિતિદેવી ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ તરીકે કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડા,ધારાસભ્ય કેશુભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------------------